પુનર્મુદ્રણ!

# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

જય જિનેન્દ્રના આ અંકની બધી જ કોપીઓ ખલાસ થઈ જતાં તેની ખૂબ ડિમાન્ડ નીકળવાથી લોકલાગણીના ધસમસતા પ્રવાહને માન આપીને અમે આ અંકનું પુનર્મુદ્રણ કરી રહ્યા છીએ.
– *તંત્રી.*

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 2 •• May, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

# મિસ્ટર ડેનિશ એ. ખાન, જરા તમારા દિમાગની ટ્રિટમેન્ટ કરાવશો?

ફરી એકવાર ભગવાન મહાવીર અંગે ઊંબાડિયું કરવામાં આવ્યું છે. ફરી એકવાર સેક્યુલારિઝમનો ચીપીયો પછાડનારા લોકોની બુદ્ધિને ખુજલી ઊપડી છે. ફરી એકવાર ભગવાન મહાવીર સાથે માંસાહારનો મુદ્દો જોડવામાં આવ્યો છે. ભૂતકાળમાં ભગવાન મહાવીરને માંસાહારી ઠરાવનારાઓ ક્યાં ખોવાઈ ગયા છે તે તો આપણે નથી જાણતા, પરંતુ ફરી એકવાર એ ચર્ચાનું ભૂત ધૂણ્યું છે એટલું નક્કી.

માંડીને વાત કરીએ.

મિલ્લી ગેઝેટ (Vol. 3, No. 16, MG62, 16-31 Aug. 2002)માં એક લેખ પ્રકાશિત થયો છે, જેનું શીર્ષક છે : **"Nation-wide ban on cow slaughter mooted"** હવે આવી ચર્ચામાં ભગવાન મહાવીર ક્યાંય વચ્ચે આવતા નથી. કોઈ સંદર્ભ નથી, કોઈ સંબંધ નથી, કોઈ અવસર નથી અને કોઈ કારણ પણ નથી.

મૂળ વાત હતી ગાયોની કતલને રોકવાની. ભારતમાં ગાયોની કતલને રોકવા માટે 'નેશનલ કમિશન ફોર કેટલ (એન. સી. સી.)' દ્વારા ભલામણ કરવામાં આવી છે. આ માટે ભારતના રાજબંધારણમાં સુધારો કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. એમાંથી ઘણા લોકોનાં ભવાં ખેંચાયાં છે અને તેમણે *'મારી લાઈખા, મારી લાઈખા'*નાં મરશિયાં ગાવાનાં શરૂ કરી દીધાં છે.

મારા એક મારવાડી ચાહક ઘણીવાર કહેતા હોય છે : 'રોતે હુએ બચ્ચેકો દૂધ મિલતા હૈ.' વાત ખરી છે. આ દેશના 'સેક્યુલારિસ્ટ બાળકો' હંમેશાં રો-કકળ કર્યા કરતાં હોય છે અને દૂધનાં કેનનાં કેન ઘર ભેગાં કરતાં હોય છે. શાહબાનોનો મુદ્દો હોય ત્યારે તેઓ જૂદો રાગ આલાપે છે, કાશ્મીરના પંડિતો ઘરવિહીન થાય ત્યારે તેઓ જૂદો રાગ તાણે છે, સંસદ ઉપર એટેક થાય ત્યારે તેઓના ચશ્માામાંથી કંઈક અલગ જ દેખાય છે. ગુજરાતમાં થયેલા મહાભયંકર હુલ્લડોમાં તેઓને જે દેખાતું હતું તે મહારાક્ષસી ગોધરાકાંડ વખતે નહોતું દેખાતું. મુસ્લિમકા ખૂન ખૂન, હિન્દુકા ખૂન પાની. *નર્મદાનાં નીર ગુજરાતી બાલુડાના મોઢામાં જાય તેનાથી તેઓ ઊંઘમાંય છળી ઊઠે છે.* અને ગાય....

ગાયનું નામ સાંભળવા માત્રથી જ તેઓના રોમેરોમમાં સળગતા અંગારા ચંપાય છે.

એક આડવાત કહી દઉં : અમે જૈનો ગાયને કોઈ વી. આઈ. પી. દરજ્જો આપતા નથી. અમારી માટે તો ગાય પણ માતા છે અને ભેંસ પણ માતા છે. અમારે મન જગતના બધા જીવો પ્રીતિપાત્ર છે. અમે કીડીને પણ પ્રેમ કરીએ છીએ અને કુંજરને પણ ચાહીએ છીએ. કર્કશ બોલે માટે કાગડો અળખામણો લાગે અને મીઠું બોલે માટે કોયલ વહાલી લાગે એવું અમે નથી સ્વીકારતા. કાગડો અને કોયલ બન્ને અમારી માટે એકસરખાં લાડકાં છે. અમે જીવ તરફ નજર કરનારી પ્રજા છીએ. કાગડાનું અને કોયલનું જીવત્વ અમારી માટે એક સમાન છે.

અમે ગાયની કતલ પર બાન મૂકવાની વાત નથી કરતા, અમે તો જીવમાત્રની કતલ ઉપર પ્રતિબંધ ઈચ્છનારી પ્રજા છીએ. નાનું અમથું બેક્ટેરિયું હોય કે વિરાટકાય ડાયનોસોર હોય, અમારી માટે બધાંનું જીવત્વ એક સમાન છે. બધા જીવો પોતાની મસ્તીમાં મોજથી જીવે એવું અભયારણ્ય અમે તો આ જગતને બનાવવા ઈચ્છીએ છીએ.

પરંતુ અહીં મુદ્દો અલગ છે. ગાય એ અમારી હજારો વરસ જૂની (રિપિટ, હજારો વરસ જૂની) આર્ય-સંસ્કૃતિનું એક ઝળહળતું પ્રતીક છે. બાય ધ વે, પોતાના લેખમાં મિસ્ટર ડી. એ. ખાન બફાટ કરે છે તેમ, *(The early Aryans, who came to India from outside...)* અમે આર્યો બહારથી આવ્યા નથી. ભારતની આઝાદીના અર્ધશતક પછી પણ *'આર્યો બહારથી આવ્યા હતા'* એ રાગ ગવાવાનો બંધ થયો નથી. આ દેશ, મિસ્ટર ખાન, તમને ગમે કે ન ગમે, અફઘાનિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પાકિસ્તાન-

**અનુસંધાન પાન ૨ ઉપર**

*અમે જૈનો તમને કોઈને ક્યાંય નડતા નથી, તમારી આંતરિક બાબતોમાં માથું મારતા નથી, તમારી કોઈ લપ કરતા નથી. તો પછી તમે લોકો વારંવાર અમને નિશાન કેમ બનાવો છો?*

*પૂજ્ય ગુરુ ભગવંતો, વિચારકો, ભાવિકો, શક્તિશાળીઓ અને દરેક પ્રકારના જૈનો ડેનિશ એ ખાનના વિચારોનો જોરદાર પ્રતિકાર કરે...*

*આ કોઈ વ્યક્તિ, સમુદાય કે ફિરકાનો પ્રશ્ન નથી, સમગ્ર જૈન સમાજનો પ્રશ્ન છે...*

*સલમાન રશ્દીનો કચકચાવીને વિરોધ કરનારા મુસ્લિમ બિરાદરો, હિન્દુ સંસ્કૃતિ અને ભગવાન મહાવીર અંગે એલફેલ લખનારા મિસ્ટર ખાનની સાન ઠેકાણે લાવવા આગળ આવો... અને દુનિયાને તમારી બિનસાંપ્રદાયિકતાનો પરિચય કરાવો.*

**અનુસંધાન પાન ૧નું ચાલુ**

બાંગલાદેશ સહિત, બૃહદ્ આર્યાવર્ત તરીકે હજારો વરસથી ઓળખાતો આવ્યો છે. બહારથી તો, તમે બધા અમારા દેશમાં ઘુસી ગયા છો અને અમારા જ દેશમાં અમને પરાયા બનાવી દેવાનાં કાવતરાં ઘડ્યા કરો છો. એક વાત સમજી લો મિસ્ટર ખાન, કે, ઈસ્લામમમાં જેનો કટ્ટર નિષેધ છે તે પોર્કને *ટૅસથી* આરોગી જનારા પાકિસ્તાનના પિતા, મહમ્મદઅલી ઝીણા સહિત આજના પાકિસ્તાનના કરોડો લોકો ઉપરાંત ભારત, બાંગલાદેશ અને શ્રીલંકામાં શ્વસતા કરોડો મુસ્લિમોમાં અમારી આર્યપ્રજાનું જ લોહી વહે છે. ઈન્ક્લુડિંગ યૂ, મિસ્ટર ડેનિશખાન!

ખુલ્લા કાને સાંભળી લો મિસ્ટર ખાન, કે, ધર્માન્તર કરવાથી તમારૂં 'જિન્સાન્તર' નહીં જ થઈ જાય! કહેવાતા સેક્યુલારિસ્ટો માથાં પછાડી પછાડીને મરી જાય તોય તેમના શરીરમાં વહેતું આર્ય લોહી બદલી શકવાના નથી જ!

●

*કહેવાતા સેક્યુલારિસ્ટો માથાં પછાડી પછાડીને મરી જાય તોય તેમના શરીરમાં વહેતું આર્ય લોહી બદલી શકવાના નથી જ!*

●

મૂળ વાત ઉપર પાછા ફરીએ. ગાયની કતલ ઉપરના પ્રતિબંધની વાતમાત્રથી ભડકી ગયેલા મિસ્ટર ખાન હિંદુ શાસ્ત્રો અને તેની પૂજાપદ્ધતિ વિષે કશું જ સમજ્યા વિના યદ્વા તદ્વા લખ્યા પછી ભગવાન મહાવીરને માંસાહારી ઠરાવવા સુધી પહોંચી જતાંય અચકાયા નથી! ન કોઈ સંદર્ભ, ન કોઈ ઉપયોગિતા, ન કોઈ સાંધાનોયે મેળ અને ગાય ઉપરથી ક્યાંના ક્યાં પહોંચી ગયા. અક્ષરશઃ તેમના જ શબ્દોમાં –

*Followers of Jain religion and a sect of Buddhists are known to propagate the teachings of non-violence and strictly avoid eating meat.* ***But, the fact is that even their founders could not exempt themselves from devouring meat.*** *Gautama Buddha, founder of Buddhist religion, is known to have eaten beef and pork.* ***Vardhmana Mahavira, the founder of Jainism, is said to have consumed the meat of a cockerel.***

મારા ગુજરાતી વાચકોના લાભાર્થે આનો ભાવાર્થ પ્રસ્તુત છે :

*જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના એક વિભાગના અનુયાયીઓ અહિંસાના ઉપદેશનો પ્રચાર કરે છે અને માંસાહાર કરવાની તદ્દન ના પાડે છે.* ***પણ હકીકત એ છે કે તે ધર્મના સ્થાપકો પણ પોતાની જાતને માંસાહારથી અળગી રાખી શક્યા નથી.*** *બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધે પણ ડુક્કરનું માંસ ખાધાનું જાણવામાં આવ્યું છે.* ***જૈનધર્મના સ્થાપક વર્ધમાન મહાવીરે પણ નાના કૂકડાનું માંસ ખાધું હતું એમ કહેવાય છે.***

મિસ્ટર ખાન, તમે ઈસુ ખ્રિસ્ત અને મહમ્મદ પયગંબરના જીવન ઉપર સંશોધન અને લખાણ કરો એ તમારી માટે વધારે હિતાવહ રહેશે અને જે સંસ્કૃતિ વિષે તમારો અભ્યાસ નથી એ વિષે બફાટ ન કરો એ તમારી માટે શોભારૂપ બનશે. એક પ્રાચીન સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે 'पंडितानां सभामध्ये मौनं मूर्खस्य भूषणम्' તમારી સગવડ ખાતર આનો અનુવાદ કરીને કહું તો 'પંડિતોની સભામાં મૂર્ખાઓ માટે મૌન એ આભૂષણ બની રહે છે.'

●

*હવે પછી ભગવાન મહાવીર વિષે આમતેમ લખ્યું છે તો નવી પેઢીના જૈનો તમારા સગા નહીં થાય. અમને નવી પેઢીના જૈનોને અને ઈવન અહિંસાના ભેખધારી એવા મારી હરોળના જૈન મુનિઓને પણ જેવા સાથે તેવા થતાં બરાબર આવડે છે.*

●

આખું જગત જાણે છે કે આ દુનિયામાં ભગવાન મહાવીર જેવો અહિંસક બીજો કોઈ પાક્યો નથી. તલવારની સહાયતા વિના જ અને પારકા દેશોમાં ઘુસી જઈને લૂંટફાટ કે આક્રમણ કર્યા વિના જ ભગવાન મહાવીરે અહિંસાના સિદ્ધાંતોને બૃહદ્ ભારતના સીમાડાઓની પેલેપાર સુધી ગૂંજતા કર્યા હતા. જાનલેવા કાળોતરા નાગને પણ પ્રેમવર્ષાથી ભીંજવી દેનારા અને પોતાના પગમાં ખીર રાંધનારા ગામડિયાને પણ માફ કરનારા ભગવાન મહાવીરે તો પોતાના કાનમાં ખીલા ઠોકી દેનારા ગોવાળિયાને પણ પોતાની પ્રેમાળ ઉદારતાનો પરિચય આપ્યો હતો. બાકી આવી વ્યક્તિ જો માંસાહારી હોત ને તો તલવારના જોરે સમગ્ર દુનિયાને જૈન ધર્માનુયાયી બનાવી શકી હોત. ચેટક, શ્રેણિક, કોણિક, ચંડપ્રદ્યોત અને ઉદયન જેવા તલવારના ખેલંદા ભક્ત રાજાઓ ભગવાન મહાવીરના એક જ ઈશારે *'એક હાથમાં કલ્પસૂત્ર અને એક હાથમાં તલવાર'* લઈને સમગ્ર વિશ્વમાં ફરી વળ્યા હોત અને તમારા બાપદાદાઓને પરાણે જૈન બનાવી ચૂક્યા હોત, જેવી રીતે ભારતમાં મુસ્લિમોએ કાળો કેર વર્તાવીને તલવારના જોરે પરાણે મુસ્લિમો બનાવ્યા હતા એ રીતે.

આભાર માનો કે તમારા સારા નસીબે ભગવાન મહાવીર પૂર્ણ અહિંસક હતા. નહીં તો....

છેલ્લે એક ચેતવણી : તમારે શું ખાવું અને શું ન ખાવું એની લપમાં તો અમે પડવા નથી માગતા, પરંતુ એટલું યાદ રાખજો કે હવે પછી ભગવાન મહાવીર વિષે આમતેમ લખ્યું છે તો નવી પેઢીના જૈનો તમારા સગા નહીં થાય. અમને નવી પેઢીના જૈનોને અને ઈવન અહિંસાના ભેખધારી એવા મારી હરોળના જૈન મુનિઓને પણ જેવા સાથે તેવા થતાં બરાબર આવડે છે. આ વખતે તો અહિંસામૂર્તિ ભગવાન મહાવીરની શરમે તમને જવા દઈએ છીએ.

અમે કાલકાચાર્યના વંશજો છીએ અને કાલકાચાર્ય કોણ હતા એ માટે જૈન ઈતિહાસ વાંચી લેજો.

બાય ધ વે, સેતાનિક વર્સિસનો ઈતિહાસ યાદ છે ને? તમારા ધર્મ વિષે સલમાન રશદી જેમ તેમ લખે ત્યારે તમે ભડકી જાઓ છો તો બીજાના ધર્મ વિષે બેફામ વાણી-વિલાસ કરતાં તમને શરમ નથી આવતી? શું પયગંબર સાહેબે આવું કરવાનું શિખવાડ્યું છે ખરૂં? આશા છે કે આ લેખ વાંચ્યા પછી તમને સદ્બુદ્ધિ મળશે.

અને હા, તમારે અમારી સંસ્કૃતિનો અભ્યાસ કરવો હોય તો મારા દરવાજા ખુલ્લા છે. ભગવાન મહાવીરે પોતાના જીવનમાં કુલ કેટલા દિવસ ખાધું? કોના કોના ઘરેથી ગોચરી વહોરીને (*આ પ્રયોગનો અર્થ તમને આવડે છે, ભાઈ શ્રી ખાન?*) કયા કયા દિવસે, શું શું ખાધું? વગેરે રજેરજની નોંધ તમને આપી શકું છું. *આઈ વોન્ટ ટુ ટીચ યૂ. પ્લીઝ રશ ટુ મી, ઈફ યૂ કેન.*

**– મિત્રાનંદસાગર**

---

*દુનિયાનો સૌથી જાડી બુદ્ધિનો માણસ પણ ભગવાન મહાવીરને માંસાહારી માની શકે નહીં. માંસાહારની વાત તો બાજુ પર રહી, ભગવાન મહાવીરે તો સમગ્ર દુનિયામાં વ્યાપીને રહેલા નરી આંખે ન દેખાય એવા સૂક્ષ્મ જીવો માટે પણ કરુણાનો સિદ્ધાંત આપ્યો હતો. આધુનિક વિજ્ઞાન દ્વારા પ્રસ્થાપિત સૂક્ષ્મ જીવોની વિભાવના પૂર્વે જ હજારો વર્ષોથી જૈન આગમોમાં સૂક્ષ્મ જીવોના અસ્તિત્વ ઉપરાંત તે બધાને 'પ્રેમ કરવાની' વાત કહેવાઈ છે!*

# ઉત્તર પ્રદેશ સરકારે જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કર્યા!

## જય જિનેન્દ્રના વિચારોનો યૂ. પી. સરકાર દ્વારા અમલ કરાશે!

જય જિનેન્દ્ર સંવાદદાતા.

ઉત્તર પ્રદેશની સરકારે જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપી દીધો છે. રાજધાની લખનઉ ખાતે જૈન કલ્ચરલ ગેલેરીની સ્થાપના પ્રસંગે મુખ્યપ્રધાન સુશ્રી માયાવતીએ આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશ લઘુમતી પંચની ભલામણ (સેકશન ૧૯૯૪) ને અનુસરીને આ પગલું લેવામાં આવ્યું છે.

ભારતના બંધારણ અન્વયે ધાર્મિક લઘુમતીઓને મળતા બધા જ લાભો મેળવવા જૈનો કાયદેસર હક્કદાર છે એમ જણાવતાં સુશ્રી માયાવતીએ ઉમેર્યું હતું કે જૈનોની તરફેણમાં લેવાયેલા આ નિર્ણયને ઉત્તર પ્રદેશમાં વસતા જૈનો દિલથી વધાવી લેશે.

માનનીય મુખ્યમંત્રી સુશ્રી માયાવતીના આ પગલાને જય જિનેન્દ્ર દિલોજાનથી આવકારે છે. જય જિનેન્દ્રે બહુ પહેલેથી જ આ મુદ્દાની તરફેણ કરી છે. જય જિનેન્દ્રના ઑક્ટોબર, ૨૦૦૨ના અંકમાં આ મુદ્દે ભારતભરના જૈનોએ પોતાના વિચારો રજૂ કર્યા જ હતા.

જય જિનેન્દ્ર એવી આશા વ્યક્ત કરે છે કે ભારતનાં બાકીનાં રાજ્યો પણ આ દિશામાં ગંભીરતાથી વિચારશે.

# અર્ધમાગધી આગમ સાહિત્ય અંગે સેમિનાર યોજાયો

જય જિનેન્દ્ર સંવાદદાતા.

રાજસ્થાનના લાડનૂં ખાતે અર્ધમાગધી આગમસાહિત્ય અંગે એક સેમિનાર તાજેતરમાં જ યોજાઈ ગયો. જૈન વિશ્વભારતી દ્વારા આયોજિત કરાયેલા આ સેમિનારનું કન્વીનરપદ ડૉ. હરિશંકર પાંડેયે શોભાવ્યું હતું.

દર્શન, ઇતિહાસ, કલા, સમાજ, વ્યાકરણ, વિજ્ઞાન, આયુર્વેદ વગેરે વિભિન્ન વિષયો ઉપર અર્ધમાગધી અને સંસ્કૃત ભાષા સાથે સંકળાયેલા લગભગ પચાસ જેટલા વિદ્વાનોએ પોતાના શોધનિબંધો રજૂ કર્યા હતા.

# અનુયોગાચાર્ય શ્રી સૂર્યસાગરજી મહારાજની વીસમી પુણ્યતિથિ ઉજવાઈ

સાગરસંઘના દીર્ઘચારિત્રી અને ઉત્કટ સંયમી તપોનિધિ અનુયોગાચાર્ય શ્રી સૂર્યસાગરજી મહારાજની વીસમી પુણ્યતિથિ ચૈત્રવદ ચોથના દિવસે ગંભીરતાપૂર્વક ઉજવાઈ હતી. ચારિત્રચૂડામણિ પૂજનીય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શ્રી સૂર્યસાગરજી મહારાજ પાલિતાણાની પાવન ભૂમિ ઉપર સંવત ૨૦૩૯ના ચૈત્ર વદ ૪ના દિવસે કાળધર્મ પામ્યા હતા. પોતાના સમગ્ર જીવનમાં ઉત્કૃષ્ટ અને અપ્રમત્ત તપશ્ચર્યાનો ઊજળો દાખલો બેસાડનારા પૂજ્ય મહારાજશ્રીનું મોટાભાગનું જીવન આયંબિલની તપસ્યામાં જ વ્યતીત થયું હતું. ચાલુ આયંબિલોની વચ્ચે પણ માસક્ષમણ જેવી ઉગ્ર તપશ્ચર્યા કરનારા શ્રી સૂર્યસાગરજી મહારાજે પોતાના જીવનકાળમાં બે વખત ૬૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા ઉપરાંત અગણિત માસક્ષમણ, પાસક્ષમણ, અઠ્ઠાઈ વગેરે આરાધનાઓ દ્વારા આત્મસાધના કરી હતી.



*શાસનપ્રભાવનાના સોનેરી દિવસો. અડપોદરામાં અર્હદ્ મહાપૂજન પ્રસંગે શ્રીસૂર્યસાગરજી મહારાજ પોતાના ગુરુદેવ સાથે. પાછળ બાલમુનિ શ્રી મિત્રાનંદસાગરજી પણ દેખાય છે. વિ. સં. ૨૦૨૬*

સદ્ગત પૂજ્યપાદશ્રીની પુણ્યતિથિ દર વર્ષે અનોખા અંદાજમાં ઉજવવામાં આવે છે તે જ રીતે આ વખતે પણ અમદાવાદની વિવિધ હોસ્પિટલોમાં દર્દીઓને દવાઓનું વિતરણ, ગરીબ લોકોમાં અનાજ, વસ્ત્રો, સ્ટેશનરી વગેરે સામગ્રીનું અર્પણ વગેરે સમાજોપયોગી કાર્યો કરવામાં આવ્યાં હતાં. મુંબઈની જાણીતી સંસ્થા માનવ મંગલ, અમદાવાદનો જય જિનેન્દ્ર પરિવાર ઉપરાંત પૂજ્યપાદ મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રીના ભક્તજનો દ્વારા આ કાર્ય પાર પાડવામાં આવ્યું હતું.

# વેજલપુર ખાતે યોજાયો શાન્તિસ્નાત્ર ઉત્સવ

અમદાવાદના વેજલપુર ખાતે નવનિર્મિત ઉવસગ્ગહરં પાર્શ્વનાથ જિનમંદિરે શાન્તિસ્નાત્ર ઉત્સવ ભાવનામય વાતાવરણમાં ઉજવાયો હતો. પૂજ્યપાદ મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રીએ સળંગ સવાબે વરસ સુધી મૂળમાંથી છએ વિગઈઓના રાખેલા ત્યાગનાં પચ્ચક્ખાણ પૂરાં થતાં હોઈ આ અવસરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચૈત્ર સુદ ૧૦ના શુભ દિને નવગ્રહ પૂજન, દશ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન, કુંભસ્થાપના, દીપસ્થાપના વગેરે અનુષ્ઠાનો કરવામાં આવ્યાં હતાં અને ચૈત્ર સુદ ૧૧ના શુભ દિને શાન્તિસ્નાત્ર રાખવામાં આવ્યું હતું.

*શાન્તિ સ્નાત્રનું એક દૃશ્ય : પૂજનમાં લીન ભક્તજનો*



ફોટો : પંકજ શુક્લ

# શિવસાગર સંયમસાગર તથા તેમના શુભેચ્છુઓને ખુલ્લી ચેલેન્જ*

મેં જેમની સામે અનાચારના ખુલ્લેઆમ આક્ષેપો મૂક્યા છે તે શિવસાગર સંયમસાગર વગેરે દુરાચારીઓ અથવા તેમનો લૂલો અને તર્કહીન બચાવ કરનારા શુભેચ્છુઓ પૈકી કોઈ પણ વ્યક્તિ આજ દિન સુધી મારી સામે બદનક્ષીના કાયદાકીય પગલાં ભરવાના મેં મારી સહી સાથે આપેલ મારા પડકાર(જુઓ *જય જિનેન્દ્ર*, ફેબ. ૨૦૦૩**)નો સામનો કરી શકેલ નથી. મને ખબર છે કે મારી પીઠ પાછળ બકવાસ કરનારાં તત્ત્વો મારી સામે કે મારી હાજરીમાં આ મુદ્દે એક હરફ પણ ઉચ્ચારી શકતાં નથી! આ અનાચારોને દબાવી દેવા કેવા કેવા કાવાદાવા અત્યાર સુધીમાં થયા છે અને હજી પણ થઈ રહ્યા છે તે સઘળી બાબતોથી હું અજાણ નથી. આવા સંયોગોમાં હું ખુલ્લો પડકાર આપું છું કે આપણા શ્રાવક સંઘના મોભી માનનીય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના ઘરે અથવા તેઓશ્રી સૂચવે ત્યાં અમદાવાદમાં કોઈ પણ સ્થળે, શિવસાગર વગેરે મારી સાથે ખુલ્લી ચર્ચા કરે. આ ચર્ચા શિવસાગર વગેરેની પસંદગીના કોઈ પણ પાંચ સદ્ગૃહસ્થો વત્તા મારી પસંદગીના કોઈ પણ પાંચ સદ્ગૃહસ્થોની હાજરીમાં માનનીય શ્રી શ્રેણિકભાઈની ઉપસ્થિતિમાં થાય. એ ચર્ચા દરમ્યાન, હું એમની સામેના દુરાચારના જે આક્ષેપોને વળગી રહું છું તે દુરાચારો પૂરવાર કરવામાં નિષ્ફળ જાઉં તો તેના અતિ કઠોર પ્રાયશ્ચિત્ત રૂપે હું સાધુવેષનો ત્યાગ કરીને નવેસરથી દીક્ષા ગ્રહણ કરૂં અને જો તેઓ પોતાની નિર્દોષતા સાબિત કરવામાં નિષ્ફળ જાય તો તેઓ તેના અતિ કઠોર પ્રાયશ્ચિત્ત રૂપે સાધુવેષનો ત્યાગ કરીને નવેસરથી દીક્ષા ગ્રહણ કરે.

મને જાણવા મળ્યું છે તે મુજબ શિવસાગર અહીં હાજર છે. બાકીનાઓ પોતાના સેક્સકાંડનો ભંડો ફૂટી જવાનો હતો તેની આગોતરી જાણકારીથી અન્યત્ર ભાગી છૂટ્યા છે (અથવા તો તેમને ભગાડી દેવાયા છે). આવી સ્થિતિમાં હાલપૂરતું શિવસાગર સામેના આક્ષેપો અંગે ઉપર જણાવેલી કાર્યવાહી થાય અને બાકીનાઓ ''જેમની આજ્ઞામાં હોય તેઓ'' તેમને આદેશ પાઠવીને તત્કાલ અમદાવાદ બોલાવે તે પછી તેમની સામેના આક્ષેપો અંગે પણ ઉપર જણાવેલી કાર્યવાહી થાય.

કોઈક કારણસર શ્રી શ્રેણિકભાઈ આ કાર્યવાહીમાં જોડાવાની ના પાડે તો શિવસાગર સૂચવે તેવા, ઊજળા ચારિત્રની જાહેર છાપ ધરાવનાર, નિષ્પક્ષપાતી, શાસ્ત્રોના જાણકાર, *છટ્ઠા વ્રત સહિત* પાંચે મહાવ્રતોનું અક્ષુણ્ણ પાલન કરનારા, શાસનમાન્ય કોઈ પણ (રિપિટ, કોઈ પણ) ગીતાર્થશિરોમણિ આચાર્યની નિશ્રામાં અને ઉપર જણાવેલી રીત મુજબ પાંચ+પાંચ=દસ ગૃહસ્થોની સાક્ષીએ આ કાર્યવાહી સંપન્ન થાય. આ આચાર્યની પસંદગીનો સંપૂર્ણ અધિકાર પણ તેમનો!

મને લાગે છે કે તેમના ભક્તો, શુભેચ્છુઓ અને તેઓ પોતે આ પડકાર ઝીલી લેવા સજ્જ બનશે અને **આગામી ત્રણ દિવસમાં આ પડકાર ઝીલી લીધાની જાણ, મારી જેમ જ, જાહેર માધ્યમથી મને કરશે. ચર્ચા માટેની તારીખ ખુશીથી પછીથી નક્કી કરી શકાશે.**

મારી સાદી સમજ પ્રમાણે, મારા તરફથી આટલી ચેલેન્જ કાફી ગણાય. મારા તરફથી આ ઐતિહાસિક અને ખુલ્લી ઓફર છે. આશા છે કે એને કોઈ પણ હિચકિચાટ વગર વધાવી લેવામાં આવશે. આવી મોકળા દિલની ઓફર પણ જો ન સ્વીકારવામાં આવે તો તેનો શો અર્થ કરવો તે હું વિચારશીલ જૈનો ઉપર (રિપિટ, વિચારશીલ જૈનો ઉપર) છોડી દઉં છું. **દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં હવે કોઈની રાહ જોવાની રહેતી નથી.** જેને પોતાના ચારિત્રનો ઘમંડ હોય તેણે પાળેલાઓની સામે બબડાટ કર્યા વિના **મારી બોબડી બંધ કરવા ખાતર પણ** સીધો મારો જ સામનો કરવો જોઈએ. અથવા મારી સામે બદનક્ષીનો દાવો કરી બતાવવો જોઈએ. અને તમને મારી સામે બદનક્ષીનો દાવો કરવા, પૂરતા પ્રમાણમાં ***કાયદેસરની અનુકૂળતા રહે તે માટે*** હું આ સ્થળેથી ***ફરી એકવાર*** ખુલ્લેઆમ ***'તમે ચોથા વ્રતનો ભંગ કર્યો છે એ આક્ષેપને હું એકવાર નહીં, સાડી સત્તર વખત રિપિટ કરૂં છું.'*** બાકી **હાથીનું સાથી**, **રમણનું ખમણ** અને **મંગલનું જંગલ** કરીને ઊભરો કાઢનારા હીજડાઓ (અને એવાં વિકૃત નામવાળાં લખાણ વાંચીને ફૂલાઈ જઈને 'ખી ખી' કરનારા વિકૃત મગજવાળા નપુંસકો) પોતાની બાયલાઈ અને બુદ્ધિના બ્રહ્મચર્યનું પ્રદર્શન કરવા સિવાય કશું જ નથી કરતા. બદનક્ષીના કેસનો સામનો કરવાથી બીનારા પાવૈયાઓ જ આ રીતે લખાણ લખે... (ભલભલા શાસનદ્રોહીને ધોઈ નાખવાની એકલવીર મરદ માણસની નૈતિક તાકાતનો આ બીજો ઉપહાર!)

તો ઉપાડી લો ચેલેન્જ! જેથી ભવિષ્યમાં કોઈ ***''વિચિત્ર આનંદ''*** માં રાચનારો એવો ***''ગટરપ્રેમી, ઉકરડાપ્રેમી અને દુર્ગંધપ્રેમી''*** માણસ નિર્દોષ(!?) સાધુઓ(!?) ઉપર કલંક(!?) મૂકતાં પહેલાં એક કરોડ વખત વિચાર કરે, ***''જેનામાં કોઈ દોષ ન હોય તેને ધોઈ નાખવાની''*** ઊંઘમાંયે હિંમત ન કરે, ***''કોઈના થોડાક દોષોને હિમાલય જેવડા કરીને બતાવવાની''*** ખો ભૂલી જાય અને ***''ભલભલાના માથે છાણાં થાપતાં પહેલાં જ''*** તેની હવા નીકળી જાય **તેવો જડબેસલાક પાઠ ભણાવવા ખાતર પણ** મારો આ પડકાર ઝીલી લેવો જોઈએ! જોજો, પોતાની માંનું દૂધ લજવીને ક્યાંક ***અસ્તયશસ્*** ના બની જવાય! યે તો અભી ઝાંકી હૈ, આગે ટ્રેલર બાકી હૈ... (ખરેખર?!!)

હવે તો આપણે ''પ્રબુદ્ધ લોકોને જ'' નક્કી કરવા દઈએ કે ત્યાં બગીચો છે કે પછી....

***નિવેદક : ચારિત્રચૂડામણિ પૂજનીય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજાનો પ્રશિષ્ય સંઘચરણરજ***
***મિત્રાનંદસાગર***

* 'સંદેશ' (અમદાવાદ) તા. ૧. ૫. ૨૦૦૩માં આવેલી ચેલેન્જનો ઊતારો.

** ફેબ્રુઆરીના અંકમાં ચેલેન્જ શું હતી? વાચકો પાન નંબર ૭ જુએ.

# પછી પેલી પત્રકાર પરિષદનું શું થયું?

ફેબ્રુઆરી ૨૦૦૩ના *જય જિનેન્દ્ર*માં મેં પત્રકાર પરિષદ બોલાવીને તેમાં મહાસેક્સી સાધુવેષધારીઓનાં પાપોના દસ્તાવેજી પૂરાવા રજૂ કરીને તે બધાને ખુલ્લા પાડવાનું પ્રોમિસ આપ્યું હતું. એ પછી રાની બિલાડો આવી જવાથી ઉંદરડાઓમાં જે દોડધામ મચી જાય તેવો ફફડાટ સેક્સગ્રૂપમાં મચી જતાં, નામાંકિત અને નામચીન એમ બન્ને પ્રકારના લોકોએ તેમ ન કરવા મને વિનંતી કરી હતી. આવી વિનંતી કરનારા નામાંકિત લોકોમાં જૈન સંઘના શાણા નાગરિકોનો પણ સમાવેશ થાય છે અને પોતાની જાતને *ડી કંપનીના ચીફ ઓફ સ્ટાફ* માનનારા નામચીન લોકોમાં, ગલીના ટપોરીઓમાંય ક્લાસ ન લાગે એવા લુખ્ખા માણસોનો પણ સમાવેશ થાય છે. શાણા માણસોનો હું હંમેશાં આદર કરૂં છું અને લુખ્ખાઓને તો પગલૂછણિયા જેટલી ક્રેડિટ પણ આપતો નથી. આખરે પગલૂછણિયાની ઇજ્જતનો પણ કોઈ સવાલ હોય છે.

પત્રાકાર પરિષદને રોકી રાખવાની વિનંતી, મેં, એ શરતે માન્ય રાખી હતી કે તે (અનંતાનંત!) મહાસેક્સી સાધુઓના વડીલો – જે કોઈ હોય તે – આ મામલે ઉચિત, શાસ્ત્રસંમત, ન્યાયસંમત અને પારદર્શક પગલાં લેશે.

●

***શું આ ચેલેન્જ આપનારો એટલો બધો 'બબૂચક' હશે કે જે પોતાના પાંત્રીસ વરસના દીક્ષાપર્યાયને હોડમાં મૂકે?***

●

એ પછી તો ભારતની નદીઓમાં ઘણાં પાણી સુકાઈ ગયાં છે. *આ તો મિત્રાનંદસાગર ખોટા જિદે ભરાયા છે, બાકી અમારા સાધુઓ તો સાવ નિર્દોષ છે* એવી વાતો *વડીલોની કિચન કેબિનેટમાં બેસનારા* પરમ ભક્તોમાં થતી હોવાનું સંભળાતું રહે છે. હવાઓ વાતો લાવતી રહે છે. (એ લોકોના સદ્‌ભાગ્યે) સાંભળેલી વાતોને જરાયે મહત્ત્વ આપવું નહીં એવું મારી જનેતાએ આપેલું શિક્ષણ આવી પળોમાં કામ આવતું રહે છે, એથી મારે એમને એવું કહેવાની જરૂર જ નથી રહેતી કે *ભાઈસાબ, તો પછી મારી વિરુદ્ધ પગલાં લેતાં વડીલોને કોણ અટકાવે છે?* અગેઈન, રાની બિલાડાના ગળે ઘંટ કોણ બાંધે એ મુદ્દે બધા ઉંદરડામાં તિરાડ પડે છે અને પછી ઉંદરડાઓ મીટિંગ અને ઈટિંગ કરીને છૂટા પડે છે. લોકોની યાદશક્તિ ટૂંકી હોવાથી *ગંદકીના ઠીકરામાં ગંદકી પડી રહેશે* એમ માનીને બધા ગાડું ગબડાવે રાખે છે.

નામાંકિત શાણા માણસો વડીલો પાસે પગલાં લેવડાવવામાં નિષ્ફળ ગયા છે અને નામચીન લોકો મારી સામે પગલાં લેવામાં નિષ્ફળ ગયા છે. મારા સદ્‌ભાગ્યે, મને ધમકી આપનારા લોકોની માએ સવા સેર સૂંઠ ખાધી નથી અને એ લોકોના દુર્ભાગ્યે મારી માએ સવા મણ સૂંઠ ખાધી છે. આવા સંયોગોમાં મારા તરફથી એક જાહેર ચેલેન્જ ગુજરાતના અગ્રણી દૈનિક સંદેશમાં પ્રગટ થઈ છે. એનો અક્ષરશઃ ઊતારો *જય જિનેન્દ્ર*ના આ અંકમાં આપવામાં આવ્યો છે.

મને આશા છે કે એ મહાગુનેગારોને નિર્દોષ ઠરાવવા માટે *જિદે ભરાયેલા લાગતા વળગતાઓ* જરૂર આ પડકાર ઝીલી લેશે અને એ ચેલેન્જમાં જણાવ્યું છે તેમ, દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં કોઈની રાહ જોશે નહીં.

આ ચેલેન્જ, અસલમાં તો, *જય જિનેન્દ્ર*નો માર્ચનો અંક બહાર પડ્યા પછી તરત જ પ્રકાશિત થવાની હતી પરંતુ એ દરમ્યાન મારા અતિ એક પુરાણા દિલોજાન મિત્ર મુનિવરના પરિવારના એક વિદ્વાન અને સમર્થ મુનિરાજ સાથે થયેલી નિખાલસ વાતોના પરિણામે મેં સામે ચાલીને મારી ઉદારતાનો પરિચય આપતાં, તેનું પ્રકાશન સ્થગિત કરી દીધું હતું. મને એમ હતું કે આનું કંઈક વિધાયક પરિણામ આવશે. પણ ન તો કોઈ સળવળાટ પણ થયો કે ન તો કોઈ પરિણામ પણ આવ્યું. એ પછી ગાંધીનગરમાં ઊંચા આસને બેઠેલા એક મહાનુભાવના લઘુબંધુએ આ મામલે રસ લેતાં તેમની આગ્રહભરી વિનંતીને માન આપીને ફરી એકવાર આ ચેલેન્જનું પ્રકાશન સ્થગિત થયું. પણ ફરી એકવાર ભરોસાની ભેંસ પાડો જ જણી ચૂકી હતી! એય પાછો મરેલો!

●

***મહાસમર્થ ગુરુઓના મહાસમર્થ શિષ્યો ઉપર જાહેરમાં સેક્સના ગંભીર આક્ષેપો મૂકવા એ શું ખાવાના ખેલ છે? શું આના સૂચિતાર્થો બાબતે આક્ષેપો મૂકનાર સાવ અંધારામાં હશે?***

●

મારે એક બાબતે ન્યાય આપવો પડે : ઉક્ત મહાનુભાવના લઘુબંધુએ મારી બાજુ સાંભળ્યા પછી તો આમ જરૂર કહેલું – *'સમાજના શત્રુને ખુલ્લા તો પાડવા જ પડે!'*

છેવટે, હમણાં, સત્યાવીસ ગામોમાં પોતાનાં પરાક્રમો (જો જરૂર પડશે, તો, આ પરાક્રમો વિષે ક્યારેક *જય જિનેન્દ્ર*માં વિગતે વાત કરીશું.) માટે પંકાયેલા, બાપ-કમાઈ ઉપર તાગડધિન્ના કરનારા, ગુજરાતના એક મોટા શહેરના નદીકિનારે વસેલા એક વિસ્તારમાં છોકરીના મામલે ઝેર ખાવાનાં ત્રાગાં કરીને પોતાના બાપા અને દાદાને નમાવનારા એક વંઠેલા છોકરાએ સાધુવેષધારીઓના સેક્સપ્રકરણમાં વગર કારણે તાવેથો હલાવીને ઊંબાડીયું કરતાં મને ખાતરી થઈ ગઈ કે *લાતોંકે ભૂત બાતોં સે નહીં માનેંગે.* અને એનું પરિણામ છે લાંબા સમયથી રોકી રાખેલી આ ચેલેન્જ. *(ચેલેન્જ રોકી રાખવાનો ફાયદો એ થયો કે તેમાં નવા મુદ્દાઓ ઉમેરવાની તક મળી.)*

વાચકો આ ચેલેન્જના મર્મને ગંભીરતાથી સમજે. આ ચેલેન્જ મુજબ આ લખનારે પોતાના પાંત્રીસ વરસના દીક્ષાપર્યાયને હોડમાં મૂક્યો છે તે એમને એમ મૂક્યો હશે? એનામાં જરા જેટલીયે અક્કલ નહીં હોય? શું એનું ભેજું સાવ ખસી ગયું હશે? કરોડો રૂપિયાનાં ટ્રસ્ટો ઉપર કાબૂ ધરાવનારા ત્રણ ત્રણ મહાસમર્થ આચાર્યોના ત્રણ ત્રણ મહાસમર્થ શિષ્યો ઉપર ચારિત્રના આક્ષેપો મૂકવા એ શું ખાવાના ખેલ છે? શું આના સૂચિતાર્થો બાબતે હું સાવ બુદ્ધુ હોઈશ? આવા ગંભીર આરોપો જેમની સામે હોય એમના "પિઠ્ઠુઓ" જોયા સમજ્યા વિના એ (અનંતાનંત!) મહાચાલુઓને નિર્દોષતાનું પ્રમાણપત્ર (આક્ષેપો મૂકનારની પીઠ પાછળ સ્તો!) આપવા હાલી નીકળે એને કેવા કહેવાય તે મામલે વિચારકો મને માર્ગદર્શન આપે. *કાશ, આવા લોકો ન્યાયતંત્રમાં હોત તો? મૈયા રી, વિચારમાત્રથી થથરી જવાય છે. રોજ ન્યાયની દેવી ઉપર હિચકારો અને ગોઝારો બળાત્કાર કરતા હોત. બાકી ઘરતંત્રમાં તો બધુંયે હાલ્યું જાય!*

●

***"મેં દાઉદભૈયાને પૂછી લીધું છે કે ભઈલા, તેં મુંબઈમાં બોમ્બધડાકા કરાવ્યા હતા? તો એ ભઈલો તો બિચ્ચારો સાવ જ ના પાડે છે કે ના રે ના, મેં તો હાથમાં સુરસુરિયુંયે લીધું નથી."***

●

સવારના પહોરમાં જેને ચા પીધા વિના ન ચાલતું ન હોય (એને શાસ્ત્રીય ભાષામાં રાત્રિભોજન કહેવાય), ચા પીધા પછી તરત કડક તંબાકુનો પુટ આપેલી સોપારી ખાધા વિના જેનો પિત્તો હટી જતો હોય, (જેવા ગુરુ તેવા ચેલા. પાટ ઉપરથી વ્યસનોના ત્યાગનો ઉપદેશ ફાડનારા, આખો દિવસ ટપોરીની જેમ ગલોફામાં તંબાકુ ઠઠાડે રાખનારા, ભારતના એક નામાંકિત શહેરમાં છોકરી સાથેના પ્રેમપ્રકરણના મામલે માત્ર ગુરુની લાગવગના કારણે

જ માર ખાતાં બચી ગયેલા એવા ચેલાનાં પરાક્રમો વિષે પણ, જો જરૂર પડશે તો, ક્યારેક વિગતે વાત કરીશું.) જોગનાં આયંબિલની ગોચરી ગળે ન ઊતરવાના કારણે છાનામાનાં થૂલીમાં ઘી-સાકર નાખીને ખાઈ જતા હોય એવા કોઈ આચારભ્રષ્ટ આચાર્ય, ધારો કે, મને એવું પ્રમાણપત્ર મોકલી આપે કે *''મેં દાઉદભૈયાને પૂછી લીધું છે કે ભઈલા, તેં મુંબઈમાં બોમ્બધડાકા કરાવ્યા હતા? તો એ ભઈલો તો બિચ્ચારો સાવ જ ના પાડે છે કે ના રે ના, મેં તો હાથમાં સુરસુરિયું યે લીધું નથી.''* તો શું આપણે એમનું પ્રમાણપત્ર માની લેવાનું? આપણે સી. બી. આઈ.એ રજૂ કરેલા ઠોસ પૂરાવા માન્ય રાખવાના કે પછી આવાં પ્રમાણપત્રો માન્ય રાખવાનાં? તેજીને આટલો ટકોરો બસ થઈ પડશે? કે પછી....

•

***સાંભળ્યું છે કે શાસનતંત્રમાં સારા સારા હોદ્દા ભોગવી ચૂકેલા લોકો સેક્સી સાધુઓના ભક્તો છે. આવા 'બુદ્ધિજીવી' લોકોથી આંખો મીંચીને નિર્દોષતાનું પ્રમાણપત્ર આપી દેવાય?***

•

મૂળ વાત પર પાછા ફરીએ. ઉપર જણાવ્યું તેમ, કેટલાક ખરેખરા હિતેચ્છુઓની વિનંતીને માન આપીને મેં પત્રકાર પરિષદ સ્થગિત કરી હતી, તે, આ સાથે આપેલી ચેલેન્જ ઉપર આધાર રાખે છે કે તેમાં કેવી રીતે આગળ વધવું. આ ચેલેન્જનું જો કોઈ પરિણામ નહીં જ આવે તો પણ *દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જ જવાનું છે.* તેમ છતાં મારા તરફથી પત્રકાર પરિષદનો વિકલ્પ ખુલ્લો જ છે. સવાલ એ છે કે એ ક્યારે થશે? વાચક મિત્રો, એ જ્યારે પણ થશે ત્યારે તમને સૌને એની જાણ કરવામાં આવશે જ. આખરે જનતાની અદાલતની ઉપર કોઈ જ નથી. અને જનતા બડી ચકોર હોય છે, એ ખૂણામાં બેઠાં બેઠાં ન્યાય કર્યા જ કરતી હોય છે. જોયું નહીં? આપણે સદ્દામને ઇરાકનો મહાન હિરો માનતા હતા અને જનતાએ એનાં પૂતળાં વીણી વીણીને જમીનદોસ્ત ના કરી દીધાં?

•

***શું બુદ્ધિનો ઈજારો એમનો એકલાનો જ હશે? બાકીના લોકો શું ભાંગ પી ગયા હશે?***

•

હમણાં વર્તમાન પત્રોમાં સમાચાર વાંચવા મળ્યા : *'પાળેલા હાથીએ માજી મંત્રીને ચગદી નાખ્યા!'* આને કૉમેડી કહેવી કે ટ્રેજેડી કહેવી તે હું નક્કી કરી શકતો નથી, પરંતુ સેક્સકાન્ડમાં સંડોવાયેલાઓ અને એમનો નગ્ન બચાવ કરનારાઓ જે હાથી ઉપર સવાર થયા છે તે હાથી અંગે કંઈ કહેવાય નહીં! અને પાળેલા કૂતરા પણ કરડી ખાય એ તો રોજ બનતી બાબત છે.

ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકીને ચાલનારાં તત્ત્વો સાવધાન! આ પ્રકરણ પતી ગયું છે એવું માનવાની ભૂલ કરતાં પહેલાં કાચમાં મોઢું જોઈ લેજો. કાજળ કદાચ વધારે ઊજળું લાગશે.

— મિત્રાનંદસાગર

# જાહેર ચેતવણી

હું જે કંઈ લખું છું તે હંમેશાં મારા નામે, મારી સહીથી, જવાબદારીની ગંભીરતા પૂર્વક, પ્રેસલાઈનની નોંધ સાથે જ લખું છું. નામ વગરનાં ફરફરિયાં, ચોપાનિયાં, હેન્ડબીલ કે અન્ય એવું કંઈ, જેમાં નામ ઠામ, મારી સહી અને સંપૂર્ણ એડ્રેસ સાથેની પ્રેસલાઈન ન હોય તે મેં લખ્યું છે તેમ માની લેવું નહીં. આવું કોઈ બેનામી લખાણ, કે જે, મારી ફેવર કે મારો વિરોધ કરતું હોય તે, વાચકોના ધ્યાન ઉપર આવે તો તત્કાલ નજીકના પોલીસ સ્ટેશને તેની જાણ કરવી અને તેની એક કોપી મને પણ મોકલવી.

મારા નામનો દુરુપયોગ કરનાર 'કાયર' લોકોને આ સાથે ચેતવણી આપું છું કે એમ કરતાં પહેલાં લાખ વાર વિચાર કરજો. જોયા જાણ્યા વિના મધપૂડામાં હાથ ખોસી દેશો નહીં. પેલી વાત સાંભળી છે ને, કે, એક માણસે છ મહિના *''વિચાર કર્યા પછી''* બળદના શીંગડામાં પોતાનું મોઢું નાખી દીધું હતું... અને પછી...

— નિવેદક : મિત્રાનંદસાગર

# શિવસાગર વગેરે કૌભાંડીઓએ મારી ચેલેન્જ શા માટે સ્વીકારી લેવી જોઈએ?

– એટલા માટે કે હું ખોટી રીતના (!) ''ટેં ટેં'' કરતો બંધ થઈ જાઉં...
– એટલા માટે કે ભવિષ્યમાં તમે માથું ઊંચું રાખીને કહી શકો કે *''અમારી ઉપર આરોપ મૂકનારા સાધુની ચેલેન્જનો સ્વીકાર કરીને અમે તેની હવા કાઢી નાખી હતી...''*
– એટલા માટે કે ભવિષ્યમાં કોઈ સાધુ કે ગૃહસ્થ નિર્દોષ સાધુઓ ઉપર કલંક મૂકવાની ખો ભૂલી જાય...
– એટલા માટે કે મારે જ *''તમે નિર્દોષ છો અને નિર્દોષ હતા''* એમ લખવા માટે મજબૂર થવું પડે... *અને મારી બોબડી કાયમ માટે બંધ થઈ જાય...*
– એટલા માટે કે તમારા ભક્તો તમારી માટે, *તમારી જેવા ગુરુ મળ્યા બદલ* ગૌરવ(?) અનુભવી શકે કે *''અમારા ગુરુજીએ બેફામ આક્ષેપો કરનારા સાધુનો પડકાર ઝીલી લઈને નિંદારસમાં રાચતા (?) એ સાધુ પાસે જ તેઓ નિર્દોષ છે એમ કહેવડાવવા મજબૂર કર્યા હતા!''*
– એટલા માટે કે તમારા વડીલોએ (અને ઇવન ભક્તોએ પણ) તમારો જે બચાવ કર્યો હતો તે તદ્દન યોગ્ય, સકારણ, જરૂરી અને સમયની કસોટી ઉપર ખરો ઊતરે તેવો હતો એવું પૂરવાર થાય...
– એટલા માટે કે તમારા વડીલોએ (અને ઇવન ભક્તોએ પણ) તમારો જે બચાવ કર્યો હતો તે માત્ર તમારી ઉપરના પ્રેમના કારણે નહીં, તેમની કોઈ અકથ્ય મજબૂરીના કારણે નહીં, તમારા કોઈ ખાસ કારણસરના દબાણના કારણે નહીં, પરંતુ તમે તદ્દન નિર્દોષ, સાચા, નિર્દંભ, નિષ્કલંક હતા માટે કર્યો હતો એવું પૂરવાર થાય...
– એટલા માટે કે *''આ મિત્રાનંદસાગર શા માટે એક્લો રખડી ખાય છે, તેનાં કારણો સમજાઈ ગયાં ને?''* એમ તમે તમારા ભક્તોને, હિતેચ્છુઓને, શુભેચ્છુઓને, વડીલોને ગૌરવભેર માથું ઊંચું રાખીને કહી શકો...
– એટલા માટે કે તમે કદાચ મહાસતી સીતા કરતાંય આગળ નીકળી જાઓ કે અયોધ્યામાં સીતાજીને નિર્દોષતાનું પ્રમાણપત્ર આપવા કોઈ આગળ નહોતું આવ્યું અને તેમને તો અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને જ પોતાની સત્યતા સાબિત કરવી પડી હતી. જ્યારે તમે તો, *તમને તો તમારી પરીક્ષા કર્યા વગર જ સ્વચ્છતાનું પ્રમાણપત્ર આપનારા હોંશીલાઓની લાઈન લાગી હતી છતાં* એક સાધુએ આપેલા પડકારને ઝીલી લઈને માત્ર પોતાના ચારિત્રબળ ઉપર (નહીં કે વડીલો, ભક્તોએ કહી દેવા માત્રથી અને નહીં કે તેમણે ''પ્રમાણપત્ર'' આપી દેવા માત્રથી) ''નિર્દોષતા'' સાબિત કરી બતાવી હતી...
– એટલા માટે કે આવતી કાલના જૈનોને ભરહેસર જેવા કોઈ સૂત્રમાં તમારું નામ લખવાનો અને સવારના પહોરમાં તે (એટલે તમારા નામવાળું સૂત્ર જ તો!) બોલવાનો મોકો મળે...
– એટલા માટે કે *આ ઊંધી ખોપડીનો અળવીતરો મિત્રાનંદસાગર જય જિનેન્દ્રના ભવિષ્યના અંકોમાં (અથવા બીજી કોઈ જગ્યાએ) એવું લખવાની હિંમત ન કરી શકે કે 'આજના આવકભૂખ્યા અને ખરીદાયેલા ટ્રસ્ટીઓ દ્વારા સંચાલિત ઉપાશ્રયોમાં એકલા સાધુને તો ઊતરવાનો નિષેધ કરનારાં બોર્ડ લગાવેલાં હોય છે પરંતુ સેક્સી સાધુઓની ટોળકીઓને ઊતરવાની મનાઈ હોતી નથી!!!''*

પ્રિય વાચકો, જો તમને ક્યાંય એવું જાણવા મળે કે દુરાચારશિરોમણિઓએ આ પડકાર ઝીલી લીધો *(પીઠ પાછળ નહીં, જાહેરમાં, ધેટ ઇઝ)* છે **તો મારા કાન પકડવા આવજો...** નહીં તો શો અર્થ કાઢવો તે જનતાની અદાલત ઉપર છોડી દઉં છું... *એમનો કાન પકડવા જજો એવું મારાથી ઓછું જ કહી શકાય છે?*

*જય જિનેન્દ્ર*ના તંત્રીની નોંધ : ફેબ્રુઆરીના અંકમાં આવેલી ચેલેન્જનું રિપિટેશન શા માટે?

ફેબ્રુઆરી, ૨૦૦૩ના *જય જિનેન્દ્ર*માં પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ દ્વારા એક ચેલેન્જ પ્રકાશિત કરવામાં આવી હતી જેના ઘેરા પડઘા જૈન સમાજમાં પડ્યા હતા. જેમની ઉપર પૂજ્ય મિત્રાનંદસાગરજી મહારાજે ચારિત્રભંગના આરોપો ખુલ્લેઆમ મૂક્યા હતા તેઓ, આ જાહેરાત પછી, ઉપરથી તમાચો મારીને પોતાનું મોઢું લાલ દેખાડતા હતા અને દુરાચારશિરોમણિ સાધુઓ અને તેમના બચાવકારો આ જાહેર ચેલેન્જ પછી રીતસર હલબલી ઊઠ્યા હતા. અને 'સમજદાર' લોકોમાં રીતસર ચર્ચા જાગી હતી કે આટલી મક્કમતાથી જો જાહેર ચેલેન્જ આપવામાં આવી હોય તો જરૂર એમાં ગંભીર તથ્ય હોવું જોઈએ. પૂજ્યશ્રીએ આમાં વાપરેલા શબ્દો જુઓ, તેમણે સ્પષ્ટ લખ્યું છે કે *હું જ્યારે આમ કરૂં છું ત્યારે તેની ગંભીરતા બાબતે પૂરો સભાન છું. જે કોઈની 'મા'એ સવાસેર સૂંઠ ખાધી હોય તેને આ મામલે મારી સામે બદનક્ષીનો દાવો કરવા આ સાથે જાહેરમાં પડકાર ફેંકું છું.* આપણા અનેક ગુરુ ભગવંતો તરફથી અમારી પાસે માગણી આવે છે કે ફેબ્રુઆરીનો અંક મોકલશો. તે ગુરુ ભગવંતોને અમારે નિરાશ કરવા પડ્યા છે કારણ કે એ અંકો હવે સ્ટૉકમાં રહ્યા નથી. પરંતુ એ અંક જે કારણસર મંગાવવામાં આવે છે તે આ ચેલેન્જને આભારી છે. શું હતી એ ચેલેન્જ? તે અંક ન મેળવી શકેલા ગુરુ ભગવંતોમાંથી, ***જૈન શાસ્ત્રોનું બહુ ઊંચું અને ઊંડું જ્ઞાન ધરાવનારા એક ગુરુભગવંતે કરેલા સૂચનને માન્ય રાખીને*** એ ચેલેન્જ અક્ષરશઃ, જેમ હતી તેમ, અહીં પુનર્મુદ્રિત કરવામાં આવે છે.

# ન હિ સત્યં પ્રણશ્યતિ

## 'અર્જુનવિષાદયોગ'ને આખરી અલવિદા

ગુજરાતના જાણીતા અખબાર સંદેશની તારીખ ૨૯ જાન્યુઆરીની એડિશનમાં પાના નંબર ચાર ઉપર નામઠામ, જવાબદારી અને સહી વગરની જે ચોખવટ પ્રકાશિત થઈ છે તે –

કોણે પ્રકાશિત કરી છે?

એ દુરાચારી સાધુઓની કોણે તપાસ કરી?

કઈ પદ્ધતિથી તપાસ કરી?

ક્યારે તપાસ કરી?

કયા સ્થળે તપાસ કરી?

એમને નિર્દોષ હોવાનું સર્ટિફિકેટ કોણે આપ્યું?

એમની તપાસમાં એમને કયા કયા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા?

એમની તપાસમાં હાજર રહેલા સાક્ષીઓ કોણ કોણ હતા?

મુનિવેષધારીઓના અનંતાનંત મહાદુરાચારોને દબાવી દઈને તેમને નિર્દોષતા(!?)નું 'પ્રમાણપત્ર' આપનારાં એવાં તત્ત્વો કે જેઓ પોતાના એ બેનામ નિવેદનની નીચે પોતાની સહી આપવાની હિંમત પણ કરી શક્યાં નથી તેમને હું મિત્રાનંદસાગર આ દ્વારા ખુલ્લેઆમ ચેલેન્જ કરવા સાથે જાહેરમાં આક્ષેપ મૂકું છું કે એ સાધુવેષધારીઓ દુરાચારથી ખરડાયેલા છે. **એક વાર નહીં, સાડીસત્તર વાર હું રિપિટ કરીને આ આક્ષેપ દોહરાવું છું** અને હું જ્યારે આમ કરૂં છું ત્યારે તેની ગંભીરતા બાબતે પૂરો સભાન છું. જે કોઈની 'મા'એ સવાસેર સૂંઠ ખાધી હોય તેને આ મામલે મારી સામે બદનક્ષીનો દાવો કરવા આ સાથે જાહેરમાં પડકાર ફેંકું છું.

કોઈ પણ સમુદાયને મન ફાવે તેમ અંગત પેઢીની જેમ ચાલવા દઈ શકાય નહીં જ. સાગર સમુદાય તો 'મને પણ' ખૂબ વહાલો છે પણ જૈન શાસન તો એથી પણ વધારે વહાલું છે. આથી, સમુદાયના વડીલો પાસે રજૂઆત કરવાની ફરજ બજાવ્યા પછી આવેલાં અવળાં પરિણામોના કડવા અનુભવોથી ચેતી જઈને મેં હવે સમગ્ર ઘટનાક્રમને જાહેરમાં અને જનતાની અદાલતમાં મૂકવાનું નક્કી કર્યું છે. અને આ માટે હું ટૂંક સમયમાં જ એક પત્રકાર પરિષદ બોલાવી રહ્યો છું.

**'ભગવાનની આજ્ઞા,' 'શાસ્ત્ર,' 'સિદ્ધાંત'** વગેરે ભારેખમ શબ્દોની ડીંગ હાંકતાં તો મને નથી આવડતી, પણ 'અર્જુનવિષાદયોગ'ને તજવા જેવી સમજણ તો અવશ્ય ધરાવું છું. આ મુદ્દે ઢાંકપિછોડો કરનારાઓ સમજી લે કે જો આવી રીતે તે અનંતાનંત મહાદુરાચારીઓનાં અનંતાનંત મહાપાપોને ઢાંકવાની આ અનંતાનંત મહાખટપટો ચાલુ જ રાખવામાં આવશે તો મારે ન છુટકે એવી બાબતો માટે મોઢું ખોલવું પડશે જેના કારણે સમગ્ર જૈન સમાજને ન કલ્પેલા ભયંકર આંચકાઓમાંથી પસાર થવું પડશે. એ વખતે કોઈ એમ કહેવા ન દોડી આવશો કે **'અરે તમારે અમને કહેવું તો હતું.'**

હવે તો અસત્ય વિરુદ્ધ સત્યનો મુકાબલો ભલે થઈ જાય!

મારા ચાહકો, હિતેચ્છુઓ, શુભેચ્છુઓ, ગુણાનુરાગીઓ વગેરેને આ સાથે વિનમ્ર સૂચન છે કે જેઓ મારા આ પગલાથી નારાજ થયા હોય કે થવાના હોય, તેઓ, મારો સાથસંગાથ છોડવા ઈચ્છતા હોય તો પ્રેમથી તેમ કરી શકે છે. મને એ મામલે જરાય દુઃખ થશે નહીં. હું તો આમ પણ સમુદ્રમંથનમાંથી નીકળેલાં ઝેર પીને જ મોટો થયો છું. દુરાચારી ખટપટસાગરના 'સરપ્રાઈઝિંગ' દસ્તાવેજી પૂરાવા[ઓ] માટે સમગ્ર જૈન સમાજ માનસિક રીતે તૈયાર રહે. પત્રકાર પરિષદની તારીખ, સમય, સ્થળ વગેરે ટૂંક સમયમાં જ ગુજરાતી વર્તમાનપત્રોમાં જાહેર થશે.

*– નિવેદક : ચારિત્રચૂડામણિ પૂજનીય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજાનો પ્રશિષ્ય*
*સંઘચરણરજ મિત્રાનંદસાગર*

**જેની માએ સવાસેર સૂંઠ ખાધી હોય તેને મારી સામે બદનક્ષીનો દાવો કરવા ખુલ્લો પડકાર...**

## આપનો પત્ર મળ્યો



જય જિનેન્દ્રનો એપ્રિલ ૨૦૦૩નો અંક જોયો. એ જાણીને પ્રસન્નતા થઈ કે આ વિચારશીલ દૃષ્ટિસંપન્ન પત્રે એક વર્ષ પૂરું કર્યું છે.

જય જિનેન્દ્રના આ અંકની સંપૂર્ણ સામગ્રી વિચારોત્તેજક છે. જૈન ઇતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્યના ત્રિવેણીસંગમ જેવું આ પત્ર જૈન દર્શન અને સિદ્ધાંતોનું રક્ષણ કરશે એવી આશા છે.

આ અંકમાં રાણા પ્રતાપનો એક પત્ર છપાયો છે જે આચાર્ય હીરવિજયસૂરિજીને લખવામાં આવ્યો હતો. પત્રમાં ભૂલથી ચાંવડેરા ડેરાનો અનુવાદ ચામુંડેરી (જિ. પાલી) કર્યો છે. આનો ખરો અર્થ ચાવંડનો ડેરો હોવો જોઈએ. ચાવંડ રાણા પ્રતાપની રાજ્યાભિષેક નગરી હતું. મેવાડનું પ્રસિદ્ધ ગામ ચાવંડ આજે પણ છે. ઉદયપુર અને ચિતોડનો વિજય નહોતો થયો ત્યાં સુધી રાણા પ્રતાપ ચાવંડથી જ સૈન્યનું સંચાલન અને પોતાના ઇલાકાની રાજ્યવ્યવસ્થા કરતા હતા. મેં આ ભૂલ તરફ એટલા માટે ઇશારો કર્યો છે કે આ પત્ર ઐતિહાસિક દૃષ્ટિએ બહુમૂલ્ય છે અને મેવાડમાં જૈનધર્મના સંબંધોની વ્યાખ્યા કરનારો છે.

**ડૉ. સોહનલાલ પટની**
*નિદેશક, અજિત પ્રાચ્ય એવં સમાજવિદ્યા સંસ્થાન (સિરોહી)*

અનુવાદની ક્ષતિ તરફ ધ્યાન દોરવા બદલ અમે ડૉ. પટની સાહેબના આભારી છીએ.

– સંપાદક : જય જિનેન્દ્ર

બેનમૂન અંક. પ્રથમ સાલગીરી નિમિત્તે પ્રકાશિત થયેલ સ્પેશિયલ અંકની સામગ્રીએ દિલને ખુશ ખુશ કરી દીધું. જૈન ધર્મને અજવાળનાર અને ગૌરવ પ્રદાન કરનાર પૂર્વજોની સામગ્રીથી મસ્તક અહોભાવથી ઝુકી ગયું. આવી સામગ્રીથી જય જિનેન્દ્રને વધુને વધુ સમૃદ્ધ બનાવશો એવી વિનંતી.

**રાજેશ વોરા** *(ઘાટકોપર, મુંબઈ)*

• • •

## જય જિનેન્દ્ર

જય જિનેન્દ્રના વિચારશીલ વાચકોને નિવેદન છે કે આ અંકમાં અમે રેગ્યુલર કૉલમો આપી શક્યા નથી. અમારા પથદર્શક પૂજ્યપાદ ગુરુદેવશ્રી મિત્રાનંદસાગરજી મહારાજે આદરેલ એક ઐતિહાસિક અને હિંમતભરેલા અભિયાનના સમગ્ર જૈન સમાજમાં ગંભીર પડઘા પડ્યા છે. આપ જાણો છો તેમ સેક્સના વ્યાપક રેકેટમાં સંડોવાયેલા સાધુઓને પૂજ્યશ્રીએ આપેલા પડકારના કારણે અને પોતે બદનક્ષીના દાવાનો સામનો કરવા તૈયાર છે તેવી આપેલી ચેલેન્જના કારણે જૈન સમાજમાં અત્યાર સુધી જે દ્વિધા હતી તે દૂર થઈ છે. કેટલાક લોકો આ સેક્સી સાધુઓ નિર્દોષ હોવાનો અભિપ્રાય પણ ધરાવતા હતા, કારણ કે તેમના વડીલોએ કોઈ અકળ કારણસર તેમની ફેવર કરી હતી અને સામ-દામ-ભેદ અને દંડથી સત્યને કચડી નાખીને, સત્ય ઉપર નગ્ન બળાત્કાર કરીને, પોતાની ભૌતિક તાકાતનું પ્રદર્શન કર્યું હતું. તેથી ઘડીભર તો કેટલાક લોકોએ તેમના વડીલોની વાતો સ્વીકારી લીધી હતી. પરંતુ ગયા ફેબ્રુઆરી માસમાં પૂજ્યશ્રીએ આપેલા પડકારમાં જે રજૂઆત થઈ હતી તે વાંચ્યા પછી ઘણાખરા લોકો જૂદી દિશામાં વિચારતા થયા છે. જય જિનેન્દ્રનો આપના હાથમાં છે તે અંક વાંચવાથી વાચકોની રહીસહી દ્વિધા પણ નષ્ટ થઈ જવાની છે. કારણ કે તા. ૧-૫-૨૦૦૩ના સંદેશમાં આપેલી એક જાહેર ચેતવણી દ્વારા પૂજ્યપાદશ્રીએ પોતાના ૩૫ વરસના દીર્ઘ ચારિત્રજીવનને હોડમાં મૂક્યું છે. એ ચેલેન્જ અને તેના મર્મને ખોલતી જય જિનેન્દ્રના આ અંકમાં થયેલી રજૂઆતો દ્વારા નક્કી થાય છે કે પૂજ્યશ્રીનો પાયો ઘણો નક્કર અને મજબૂત છે.

એક અત્યંત હાંસીપાત્ર બાબતરૂપે નફફટ સેક્સી સાધુઓ અને તેમને છાવરનારા જૈનશાસનના દુશ્મન એવા નફફટ લોકો એમ કહી રહ્યા છે કે *ફલાણા ફલાણા મહારાજ સાહેબોનાં પ્રકરણો પણ જાહેર થયાં હતાં, તેમનું કોઈએ શું તોડી લીધું?* શાબ્બાશ! આપણને તો એમ હતું કે આવા પ્રસંગે જૈન સાધુઓ સીતાનું ઉદાહરણ લેશે કે *અમે કોઈ પણ પરીક્ષાનો સામનો કરવા તૈયાર છીએ* એના બદલે તે લોકોએ તો રાવણોનો દાખલો લીધો!

ધારો કે *એ સાધુઓનું કોઈએ કશું ન તોડી લીધું* તો એના ઘણા અર્થો થાય છે. પ્રજાની વચ્ચે રહેવાથી ખબર પડે કે આવા પ્રસંગે લોકો *એક આંખ બંધ કરીને* શું વાતો કરે છે? *અને કદાચ કોઈ એમને કંઈ ન કરી શકે તો તે કંઈ એમની મહાનતા નથી, એ આજના જૈન સંઘની નબળાઈ જ છે.* કોઈ કશું કરી ના લે એટલે એ લોકો નિર્દોષ પૂરવાર થઈ જતા નથી જ, આ અમારો ચોખ્ખો ને ચટ જવાબ નફફટ સાધુઓ *લખી રાખે આરસની તકતી પર!*

આપણે જૈન છીએ. આપણે દાખલા ભગવાન મહાવીરના લેવાના હોય, ગોશાળાઓના નહીં. બુદ્ધિના વ્યભિચારીઓને કહેવાનું કે બચાવ નહીં પણ સ્વીકાર એ જ મહાનતા છે.

**હે પૂજ્યો, હે જૈનો, હે મહાવીરના અનુયાયીઓ, તમને વિનંતી કે...**

**આ અંકમાં ભગવાન મહાવીર ઉપર માંસાહારનો આક્ષેપ કરનારા ડેનિશ એ. ખાનને ચેતવણી આપતો લેખ પ્રકાશિત કરવામાં આવ્યો છે. જય જિનેન્દ્ર કેટલીયે બાબતોમાં પહેલ કરે છે. શાસનને સમર્પિત જૈનોને વિનંતી કે જેની પાસે મિડિયાની શક્તિ હોય તે આ મામલે કચકચાવીને ડેનિશ એ. ખાનનો વિરોધ કરે.**

### !! अहो कार्टूनम्




**સાધુઓનું સેક્સકૌભાંડ**
*બેવકૂફ ડૉક્ટરનું કહેવું છે કે*
*તમને અલગ અલગ બાબતો અલગ અલગ નંબરથી દેખાય છે.*

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

જુઠ્ઠાણાંનો આરંભ બચાવનામાથી થાય છે અને તેનો અંત ફિયાસ્કામાં આવે છે!

•

**સ્પંદન**

જૂઠકા પ્રતાપ હૈ, સચ બોલના મહાપાપ હૈ;
બાપ ગધા હૈ બેમતલબકા, મતલબ હૈ તો ગધા બાપ હૈ!

*– ગોબેલ્સના ગુરુ બની શકે એવા એક મુનિના વ્યાખ્યાનમાં સાંભળેલું*

•

**ના હોય!**

'તમે તો પત્નીથી કંટાળીને આપઘાત કરવાનું કહેતા હતા ને? કેમ પાછું માંડી વાળ્યું?'
'આપઘાત કરનારની પત્નીને સ્વર્ગ મળે છે એ જાણ્યા પછી આપઘાતનો વિચાર ફેરવી નાખવો પડ્યો!'

Printed, Published and Owned by Nirved Acharya, 68 Niharika Bungalows, Nr. Azad Society, Ambavadi, AMDAVAD 380 015
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004